RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 270, Dt.03-01-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં એન્ટી બાયોટિક દવાઓનો બેફામ ઉપયોગ

## સરકારી રિપોર્ટમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યાઃ ડોકટરો આંખો મીંચીને પ્રિસ્ક્રિપ્શન લખે છેઃ ૧૫ રાજ્ય અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશની ૨૦ હોસ્પિટલ પર કરવામાં આવ્યો હતો અભ્યાસઃ છ મહિનામાં હોસ્પિટલના ડોકટરોએ ૭૧.૯ ટકા દર્દીને આપી એન્ટી બાયોટિક દવાઓ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એન્ટી બાયોટિક દવાઓનો બેફામ ઉપયોગ ચિંતાનું કારણ છે. વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જાહેર આરોગ્યના ટોચના ૧૦ જોખમોમાં એક જોખમ તરીકે એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સનો સમાવેશ કર્યો છે. જેની પાછળનું મુખ્ય કારણ એન્ટી બાયોટિક દવાઓનો આડેધડ ઉપયોગ છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે આ પડકારનો સામનો કરવા ઘણા પગલા લીધા છે, પરંતુ સરકારી રિપોર્ટમાં જાહેર થતા આંકડાઓ ચિંતાજનક છે.

આ અભ્યાસ ૧૫ રાજ્ય અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશની ૨૦ હોસ્પિટલમાં કરવામાં આવ્યો છે. આ સર્વે છ મહિનામાં ૯,૬૫૨ દર્દીઓ પર કરવામાં આવ્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ હોસ્પિટલોમાં ડોક્ટરોએ ૭૧.૯ ટકા દર્દીઓને એન્ટિ બાયોટિક્સ દવાઓ લખી હતી. ૨૦ માંથી ચાર સંસ્થાઓએ ૯૫ ટકાથી વધુ દર્દીઓને એન્ટિ બાયોટિક્સ દવાઓ સૂચવી હતી.

આ અભ્યાસ નવેમ્બર ૨૦૨૧ અને એપ્રિલ ૨૦૨૨ વચ્ચે કરવામાં આવ્યો હતો. તમાં મંગળવારે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તારણો બહાર પાડ્યા હતા. જેમાં કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૪૫ ટકા દર્દીઓને સારવાર માટે એન્ટિ બાયોટિક્સ આપવામાં આવી રહી છે. જ્યારે ૫૫ ટકા દર્દીઓને રોગથી બચવા માટે એન્ટિ બાયોટિક્સ આપવામાં આવી રહી છે. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે ૪.૬ ટકા દર્દીઓએ ચાર કે તેથી વધુ એન્ટિ બાયોટિક્સ લીધી હતી.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે એક્સેસ ગ્રૂપ એન્ટિ બાયોટિક્સ (૩૮ ટકા) કરતાં વોચ ગ્રૂપ એન્ટિ બાયોટિક્સ (૫૭ ટકા) વધુ વખત સૂચવવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે વોચ ગ્રુપ એન્ટિબાયોટિક્સમાં એન્ટિ બાયોટિક પ્રતિકાર વિકસાવવાની વધુ ક્ષમતા હોય છે.

## કેજરીવાલે ત્રીજીવાર ઈડી સમક્ષ રજૂ થવાનો કર્યો ઈન્કારઃ બીજેપી વિપક્ષના નેતાઓને ચૂંટણી સમયે હેરાન કરી રહી છેઃ આપનો આરોપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



દિલ્હી દારૂ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે એટલે કે ED સમક્ષ હાજર નહીં થાય. આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે ED ને જવાબ મોકલ્યો છે કે તેઓ આજે પણ ED ઓફિસ નહીં જાય અને પૂછપરછમાં ભાગ લેશે નહીં. આમ આદમી પાર્ટીએ આ જાણકારી આપી છે. ઈડીએ અરવિંદ કેજરીવાલને દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં પૂછપરછ માટે આજે એટલે કે ૩ જાન્યુઆરીએ ત્રીજી વખત સમન્સ જારી કર્યું હતું.

ED ના ત્રીજા સમન્સ પર આમ આદમી પાર્ટીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ ED ની તપાસમાં સહકાર આપવા તૈયાર છે, પરંતુ ED ની નોટિસ ગેરકાયદેસર છે. તેમનો ઈરાદો અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવાનો છે. તેઓ અરવિંદ કેજરીવાલને ચૂંટણી પ્રચાર કરતા રોકવા માંગે છે. તમે સવાલ ઉઠાવ્યો હતો કે ચૂંટણી પહેલા આ નોટિસ શા માટે આપવામાં આવી?

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને મોકલવામાં આવેલી આ ત્રીજી નોટિસ છે. અગાઉ, તેમને ૨ નવેમ્બર અને ૨૧ ડિસેમ્બરે નોટિસ આપવામાં આવી હતી, પરંતુ તેમણે એજન્સી સમક્ષ હાજર થવાનો ઇનકાર કર્યો હતો. દિલ્હી સરકારના ભૂતપૂર્વ એક્સાઇઝ પોલિસી ભ્રષ્ટાચાર કેસમાં ૨ નવેમ્બરના રોજ ED દ્વારા અરવિંદ કેજરીવાલને પૂછપરછ માટે પહેલું સમન્સ મોકલવામાં આવ્યું હતું, પરંતુ તેઓ પૂછપરછ પ્રક્રિયામાં ભાગ લેવા આવ્યા ન હતા. તે પછી, ૨૧મી ડિસેમ્બરે ED દ્વારા તેને બીજું સમન્સ આપવામાં આવ્યું હતું, પરંતુ આ સમન પર પણ, તે ED ની પૂછપરછ પ્રક્રિયામાં ભાગ લેવા આવ્યો ન હતો અને તેણે ED ને પત્ર લખીને જવાબ આપ્યો હતો.

અગાઉ ૨ નવેમ્બર અને ૨૧ ડિસેમ્બરે પણ સમન્સ જારી કરવામાં આવ્યા હતા, પરંતુ કેજરીવાલે હાજર થવાનો ઈન્કાર કરી દીધો હતો. અરવિંદ કેજરીવાલે ED ના અગાઉના સમન્સને 'ગેરકાયદેસર' અને 'રાજકીય રીતે પ્રેરિત' ગણાવ્યા હતા. અરવિંદ કેજરીવાલે ED ને કહ્યું હતું કે મેં મારું આખું જીવન ઈમાનદારી અને પારદર્શિતા સાથે વિતાવ્યું છે. મારી પાસે છુપાવવા માટે કંઈ નથી.

## હિડનબર્ગ રિપોર્ટ અંગે અદાણી ગ્રુપ સામે તપાસનો સેબીને વધુ ત્રણ માસનો સમય

### સીબીઆઈ તપાસની માંગ ફગાવતી સુપ્રીમઃ ચુકાદાને પગલે અદાણી ગ્રુપના શેરોમાં જબ્બર ઉછાળો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



સુપ્રિમ કોર્ટે આજે દેશના શેરબજારથી લઇ રાજકારણ સુધી અત્યંત ચર્ચાસ્પદ બનેલા અદાણી-હિડનબર્ગ તપાસમાં સેબીની કાર્યવાહીને હાલ યથાવત રાખતા કોઇ દરમ્યાનગીરી કરવાનો ઈન્કાર કર્યો હતો અને સેબીને ત્રણ માસમાં તપાસ પૂરી કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતે આ તપાસ સીબીઆઇને સોંપવાની માંગણી પણ ફગાવી છે. અમેરીકન શોર્ટ સેલર હિડનબર્ગે અદાણી ગ્રુપ ઉપર તેની વિદેશની શેલ કંપનીઓ મારફત કાનુની જોગવાઇઓને ચાતરીને રોકાણ કર્યુ હોવાનું તથા અદાણી ગ્રુપના શેરના ભાવમાં બીનજરૂરી રીતે વધારા કરવા માટેના માર્ગો અપનાવ્યા હોવાનો આરોપ મુકતા જ ભારતીય શેરબજાર અને રાજકારણમાં જબરી અફડાતફડી મચી ગઇ હતી.

તેમાં સર્વોચ્ચ અદાલતમાં એક રીટ અરજી પણ સ્વતંત્ર અને સીબીઆઇની તપાસની માંગણી કરવામાં આવી હતી. હિડનબર્ગે તેના રીપોર્ટમાં જણાવ્યું હતું કે અદાણી ગ્રુપે કોર્પોરેટ ઇતિહાસમાં સૌથી મોટી છેતરપીંડી કરી છે.

અદાલતે ૨૨ કેસોની તપાસ સેબીને સોંપી હતી અને તેમાં વચગાળાના રીપોર્ટ બાદ સેબીને વધુ ત્રણ માસનો સમય આપ્યો છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના ચુકાદાના પગલે આજે શેરબજારમાં સેબીના શેરોમાં જબરો ઉછાળો નોંધાયો છે.

## આસામમાં ટ્રક અને બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતથી ૧૪ના મોતઃ ૨૭ ઘાયલ

**મુખ્ય સમાચાર, આસામ**



આસામમાં બુધવારે સવારે એક મોટો અકસ્માત સર્જાયો હતો. અહીંના દેરાગાંવમાં ૪૫ લોકોને લઈ જતી બસ એક ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે. અને ૨૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

પોલીસનું કહેવું છે કે, બસમાં બેઠેલા લોકો પિકનિક પાર્ટી માટે અઠખેલિયાથી બાલીજાન તરફ જઈ રહ્યા હતા. બસ રસ્તામાં એક ટ્રક સાથે અથડાઈ હતી. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે બસની મુસાફરી સવારે ૩ વાગ્યે શરૂ થઈ હતી.

રસ્તામાં તે કોલસા ભરેલી ટ્રક સાથે અથડાઈ હતી.પોલીસનું કહેવું છે કે બસમાં બેઠેલા લોકો પિકનિક પાર્ટી માટે અઠખેલિયાથી બાલીજાન તરફ જઈ રહ્યા હતા. રસ્તામા બસ એક ટ્રક સાથે અથડાઈ હતી.

## ઈન ઓપરેટીવ બેન્કના ખાતા ફરી શરૂ કરવા આરબીઆઈએ નિયમો હળવા બનાવ્યા

### ખાતા મારફત નાણાંકીય છેતરપિંડી રોકવા આકરા નિયમોઃ ઈન ઓપરેટીવ બેન્ક ખાતામાં મીનીમમ બેલેન્સ નિયમ લાગુ નહીં પડે

**મુખ્ય સમાચાર, મુંબઈ**



રીઝર્વ બેન્કે ઈન ઓપરેટીવ બેન્ક ખાતાઓ માટે હવે વધુ ગંભીરતાથી આગળ વધવા નિર્ણય લીધો છે અને ખાસ કરીને જે ખાતા ઈન ઓપરેટીવ છે તે ફરી શરૂ કરવાના નિયમો હળવા બનાવ્યા છે તો આ પ્રકારના ખાતા મારફત નાણાકીય છેતરપીંડી રોકવા માટે પણ ચોકકસ નિયમો આકરા બનાવ્યા છે.

ખાસ કરીને ઈન ઓપરેટીવ ખાતા મારફત જયાં સુધી બેન્ક તેને ઓપરેટીવમાં ફેરવે નહી ત્યાં સુધી તેમાંથી કોઈ રકમ ઉપાડી કે ટ્રાન્સફર કરી શકશે નહી. હવે ઈન ઓપરેટીવ થતા ચાલુ કરવા માટે બેન્કમાં કેવાયસી ફરી કરાવવું પડશે અને તે જે બ્રાન્ચમાં ખાતું હોય ત્યાં અથવા જે તે બેન્કની કોઈપણ શાખામાં પણ આ કેવાયસી કરાવી શકાશે.

જો ખાતેદાર માંગણી કરે તો વિડીયો કસ્ટમર આઈડેન્ટીફીકેશન પ્રોસેસ મારફત પણ કરી શકાશે અને બેન્ક કોઈપણ ઈનઓપરેટીવ ખાતાને ઓપરેટીવ કરાવવા કોઈ ચાર્જ લઈ શકાશે નહી. ઉપરાંત ઈન ઓપરેટીવ ખાતામાં હવે મીનીમમ બેલેન્સનો નિયમ લાગુ થશે નહી એટલે કે તેમાં આ પ્રકારે બેલેન્સ નહી રાખવા બદલ કોઈ ચાર્જ કે દંડ તે ખાતામાં ઉધારી શકાશે નહી અને બેન્કોએ આ પ્રકારના ઈન ઓપરેટીવ ખાતામાં સેવિંગ્સ એકાઉન્ટમાં વ્યાજદર નિશ્ચિત હોય તે વ્યાજ પણ આપવું પડશે.

બેન્કોએ આ પ્રકારના ખાતાની વાર્ષિક ચકાસણી કરી તેમાં કોઈ લેવડ દેવડ થઈ નથી ને તે પણ નિશ્ચિત કરવાનું રહેશે. બેન્કોમાં આ રીતે લાંબા સમયથી ઈન ઓપરેટીવ ખાતા મારફત બેન્ક કર્મચારીઓ પણ ફ્રોડ કરે છે.

તેથી જ જે એકાઉન્ટ ઈન ઓપરેટીવ હોય તે ઓપરેટીવમાં ફેરવવામાં આવે તો પણ છ માસ સુધી તેના પર મોનેટરીંગ કરવું પડશે જેથી તે કોઈ ફ્રોડ માટે ઓપરેટીવ કરાયું નથી ને તે નિશ્ચિત કરવાનું રહેશે. બીજી તરફ અનકલેઈમ બેન્ક ડિપોઝીટ પણ ૨૮% વધીને રૂા.૪૨૨૭૨ કરોડ થઈ છે. તેના માટે પણ બેન્કોને અલગથી એડવાઈઝરી અપાઈ છે.

## રેલવે લોન્ચ કરશે એક સુપર એપ, ટિકિટથી માંડીને ફરિયાદ સુધી બધી સર્વિસ એક જ એપમાં મળશે

### રેલવેની સુપર એપ લોન્ચ કરવાની તૈયારી, એક જ એપમાં રેલવેને લગતી તમામ સેવા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




યુઝર્સને હાલમાં રેલવેની વિવિધ સેવાઓ માટે અલગ અલગ એપનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ ટૂંક સમયમાં આ સમસ્યાનો અંત આવશે. રેલવે હાલની તમામ એપને મર્જ કરીને એક સુપર એપ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. એટલે કે હવે રેલવે સંબંધિત તમામ સેવા એક એપમાં ઉપલબ્ધ થશે, જેમાં ટિકિટ બુકિંગથી લઈને ટ્રેનને ટ્રેક કરવા સુધીની તમામ સુવિધા સામેલ રહેશે. આ સુપર એપ રેલવેની આઈટી કંપની CRIS દ્વારા વિકસાવવામાં આવશે.

રેલવે સંબંધિત તમામ સેવાને એક જ એપમાં લાવીને યુઝર્સના કામને સરળ બનાવવા હેતુથી આ સુપર એપ લોન્ચ કરવામાં આવશે. તેમાં રેલ મદદ, યુટીએસ અને નેશનલ ટ્રેન ઇન્ક્વાયરી સિસ્ટમ જેવી એપ્સ સામેલ હશે. આ ઉપરાંત પોર્ટ્રેડ, સતર્ક, TMS- નિરીક્ષણ જેવી સેવાઓ પણ સમાવી લેવાશે. આ ઉપરાંત IRCTC રેલ કનેક્ટ, IRCTC ઈ-કેટરિંગ ફૂડ ઓન ટ્રેક અને IRCTC એર જેવી ઘણી જાણીતી સ્ટેન્ડઅલોન એપ્સ પણ ઉમેરી દેવાશે. રેલ મદદ ફરિયાદો અને સૂચનો પર કામ કરે છે જ્યારે નેશનલ ટ્રેન ઇન્ક્વાયરી સિસ્ટમ ટ્રેનોના રનિંગ સ્ટેટસને ટ્રેક કરી શકે છે.

હાલની રેલવે એપ્સમાં IRCTC રેલ કનેક્ટ સૌથી લોકપ્રિય છે. તેને ૧૦ કરોડથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવ્યું છે. રિઝર્વ્ડ ટિકિટ બુકિંગ માટે આ એકમાત્ર પ્લેટફોર્મ છે. તેવી જ રીતે, UTSને એક કરોડથી વધુ ડાઉનલોડ કરવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ ટિકિટ અને સીઝન પાસ સાથે જોડાયેલું છે. રેલવે સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર આ સુપર એપને ડિઝાઇન કરતી વખતે તેના મોનેટાઈઝેશનની શક્યતાને પણ ધ્યાનમાં રખાશે. વર્તમાન સ્ટેન્ડઅલોન એપ્સને સામાન્ય પ્લેટફોર્મ પર લાવીને તેની વેલ્યુ ઊભી કરવી મહત્ત્વનું છે. તેને વિકસાવવા અને ત્રણ વર્ષ સુધી ચલાવવાનો અંદાજિત ખર્ચ રૂ. ૯૦ કરોડ રૂપિયા હોઈ શકે છે.





ADS BY DHARMA TEA COMPANY

# મોરબીમાં પાર્કિંગ બાબતની અદાવતમાં કાર આંતરી યુવક ઉપર ૧૦ શખ્સો દ્વારા હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં અગાઉ કાર પાર્કિંગ બાબતે થયેલ મનદુ:ખનો ખાર રાખી શનાળા રોડ ઉપર આવેલ સાગર હોસ્પિટલ વાળી શેરીમાં યુવકની કારને આંતરી અલગ અલગ કાર સહિતના વાહનમાં આવેલા દસ શખ્સો દ્વારા યુવકને અને તેની ઓફિસમાં સાફ સફાઈ કરતા યુવકને લોખંડના પાઇપ ધોકા સહીત ઢીકાપાટુ સાથે માર મારી કારમાં નુકસાની કરી રિવોલ્વર દેખાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર હુમલાના બનાવ બાદ ભોગ બનનાર યુવાન દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ મોરબીના સબજેલ સામે આવેલ રબારીવાસ શેરી નં ૨ માં રહેતા સંજયભાઈ જેમલભાઈ મોરીએ આરોપી દેવ હકાભાઇ કુંભારવાડીયા રહે- કેનાલ રોડ મોરબી, વિશાલ ડાંગર, અમીત ડાંગર બન્ને રહે-ખાખરાળા, નાગદાન બોરીચા, અંકીત, હિતુ, તિર્થ જયસુખભાઇ કૈલા તથા ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી જાહેર કર્યુ કે સંજયભાઈ તેમની ઓફિસમાં સફાઈ કામ કરતા કરણભાઈ મકવાણા સાથે પોતાની કારમાં ઘરે પરત આવી રહ્યા હોય ત્યારે શનાળા રોડ ઉપર આવેલ સાગર હોસ્પિટલવાળી શેરીમાં બે કાર તથા સ્કૂટર સહિતના વાહનોમાં દેવ કુંભારવડીયા અને તેના મિત્રોએ પીછો કરી સંજયભાઈની કાર આંતરીને ઉભી રાખવી હતી. અને અગાઉ પાર્કિંગ મુદ્દે થયેલ બોલાચાલીનો ખાર રાખી ઉપરોક્ત તમામ આરોપીઓએ સંજયભાઈની કારને નુકશાન કરી લોખંડના પાઈપ તથા લાકડાના ધોકાઓ તથા છરી વડે હુમલો કરી સંજયભાઇના માથાના પાછળના ભાગે ગંભીર ઇજા તથા શરીરે મુંઢ ઈજા પોહંચાડી તેમજ કરણભાઈને મુંઢ ઈજા પોંહચાડી બધા મળી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જે બાદ દેવ કુંભારવાડીયાએ સંજયભાઈનો કોલર પકડી તેની રિવોલ્વર તરફ ઈશારો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હુમલા સમયે આજુબાજુના લોકો એકઠા થઈ જતા હુમલાખોરો પોતાની કાર અને બાઈક સ્થળપર જ મૂકીને ભાગી ગયા હતા. હાલ ભોગ બનનાર સંજયભાઈને અને તેની સાથે રહેલ કરણભાઇને હાલ મોરબીની ખાનગી હોસ્પિ. સારવારમાં ખસેડાયા છે. મોરબી એ ડીવીઝન પોલીસે ફરિયાદના આધારે તમામ આરોપીઓ સામે ગુન્હો નોંધી આરોપીઓને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં લૂંટના બનાવને અંજામ આપે તે પહેલા ધાડપાડુ ગેંગને દબોચી લેવાઈ

## ધાડપાડુ ગેંગની કારનો પોલીસે ફિલ્મીઢબે પીછો કરી કારમાં સવાર સાત પૈકી ત્રણ શખ્સને દબોચી લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસ સ્ટાફે લૂંટ ધાડના ઇરાદે કારમાં નીકળેલ ધાડપાડુ ગેંગને ફિલ્મીઢબે કારનો પીછો કરી કારમાં સવાર સાત પૈકી ગેંગના ત્રણ સભ્યોને દબોચી લેવામાં આવ્યા હતા. પોલીસે કારની તલાસી લેતા કારમાંથી ચોરીના કામમાં ઉપયોગમાં લેવાતા સાધન-સામગ્રી મળી આવતા પકડાયેલ ધાડપાડું ગેંગના ત્રણ સભ્યો તથા ફરાર થઇ ગયા કે જેઓ કારમાં સાથે હોય તે અન્ય ચાર એમ મળી કુલ સાત સામે ગુન્હો દાખલ કરી બાકીના ગેંગના સભ્યોને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોરબી-માળીયા હાઇવે લક્ષ્મીનગર ગામ પાસે શંકાસ્પદ સેવરોલેટ કાર નીકળતા તેનો ફિલ્મીઢબે પીછો કરી લક્ષ્મીનગર ગામની સીમમાં અન્નપૂર્ણા હોટલ નજીક કાર ઉભી રખાવતા કારમાં સવાર માણસો ભાગાદોડી કરવા લાગતા ગેંગના પૈકી ત્રણ સભ્યોને દબોચી લેવામાં આવ્યા હતા. આ સાથે કારની તલાસી લેતા કારમાંથી ચોરી-ધાડ પાડવામાં ઉપયોગમાં લેવાતા લોખંડનું કટ્ટર, લોખંડની ગણેશીયો, બે મોટા ડિસમિસ, માથામાં પહેરવાની ટોર્ચ સહિતના સાધન-સામગ્રી તથા સેવરોલેટ કાર રજી.જીજે -૧૮-બીએચ-૪૪૭૪ સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ સાથે પકડાયેલ ધાડપાડું ગેંગના ત્રણ સભ્યો કૈલાસભાઇ પારસીંગ ભુરીયા ઉવ.૩૧ રહે. ફુટતાલાબ મધ્યપ્રદેશ, પ્યારસીંગ ઉર્ફે ભગત રણજીત વસુનીયા ઉવ.૪૫ રહે. મયાવાટ નંદીદડી ફળીયુ મધ્યપ્રદેશ, જયદીપ રણુભાઇ બામનીયા ઉવ.૨૪ રહે. કોરીયાપાન, તાડફળીયુ, તા.ભાભરા મધ્યપ્રદેશ તથા નાસી ભાગી ગયા તે ગેંગના અન્ય ચાર સભ્યો વિજય રૂપસીંગ ભુરીયા રહે.ફુટતાલાબ મધ્યપ્રદેશ, મુકેશ દલસીંગ અમલીયાર રહે.વાઘાટી ફુટતાલાબ મધ્યપ્રદેશ, પપ્પુ બુલુર આદીવાસી રહે. ખાણીયામ્બા મધ્યપ્રદેશ, ભાયા નક્તા આદીવાસી રહે. ખાણીયામ્બા મધ્યપ્રદેશ તમામ વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં આઈપીસી ૩૯૯ કલમ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં સૂતા સૂતા બાઈક ચલાવનાર સ્ટંટબાજ યુવાનને કાયદાનું ભાન કરાવતું પોલીસ તંત્ર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હાપા રોડ પર સૂતા સૂતા બાઈક ચલાવી રહેલા યુવાનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે તાત્કાલિક પગલાં ભરી આ યુવકને પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કાયદાનું ભાન કરાવ્યું છે.જામનગર શહેરના હાપા રોડ પર એક યુવક જોખમી સ્ટંટ કરતા સૂતા સૂતા બાઈક ચલાવતો હોવાનું અને અન્ય બે યુવાનો તેનો





વીડિયો બનાવતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. સરકસની માફક જાહેર રસ્તા પર જોખમી સ્ટંટ કરતા યુવાનના આ વીડિયોની ગંભીર નોંધ પોલીસે પણ લીધી હતી. જે વીડિયોના આધારે પંચકોશી-બી પોલીસના સ્ટાફે બાઈક સ્ટંટ કરતા યુવક જે મૂળ યુપીનો રહેવાસી છે તે રવિ જૈનને પકડી પાડી તેને કાયદાનું ભાન કરાવ્યું હતું.આ યુવાન સ્ટંટ કરવાની ટેવવાળો હોવાનું જાણવા મળે છે. મોહનનગર વિસ્તારમાં રહેતા આ યુવાન અગાઉ મર્ડર કેસમાં આરોપી તરીકે પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનુ પણ બહાર આવ્યું છે.

# મોરબીની પી.જી.પટેલ કોલજમાં સામુહિક સૂર્ય-નમસ્કારનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

અભ્યાસની સાથે વિધાર્થીઓના સ્વાસ્થ્ય અંગે પણ પણ સતત પ્રવૃત રહેતી મોરબીની પી.જી.પટેલ કોલેજમાં આજ રોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમના સહયોગથી સામુહિક સૂર્ય-નમસ્કાર નું આયોજન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં ગુજરાત રાજ્ય દ્વારા સામુહિક સૂર્ય-નમસ્કાર કરીને વિશ્વ રેકોર્ડ બનવ્યો છે અને સમગ્ર વિશ્વમાં પોતાની એક આગવી છાપ છોડીને અબિત કર્યું છેકે ઝડપી આર્થીક વિકાસ અને ભૌતિક સુખાકારી ની સાથે સાથે સ્વાસ્થ્ય સબંધી મુદ્દાઓમાં પણ ગુજરાત અગ્રેસર બનવા તરફ ગતિ કરી રહ્યું છે જેને






અનુમોદન આપવા અંતર્ગત મોરબીની પી.જી.પટેલ કોલેજમાં પ્રમુખશ્રી દેવકરણભાઈ તથા આચાર્યશ્રી ડો.રવિન્દ્ર ભટ્ટના માર્ગદર્શન હેઠળ આજ રોજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમના સહયોગથી સામુહિક સૂર્ય-નમસ્કાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સામુહિક આયોજન માં પી.જી.પટેલ કોલેજના સ્ટાફ અની વિધાર્થીઓ મોટી સંખ્યામાં જ્પડાયા હતા.

આ તકે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની ટીમ દ્વારા વિધાથીઓને સૂર્ય-નમસ્કારની ક્રિયાનું નિદર્શન, તેનાથી થતા વિવિધ ફાયદાઓ અને તેનું વૈદિક મહત્વ સમજાવ્યું હતું.

# જામનગરમાં ઘાંચીની ખડકીથી ટીટોડી વાડી સુધીનો રસ્તો પહોળો કરવા ૨૦ મિલકતોનું ડીમોલીશન હાથ ધરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ઘાંચીની ખડકીથી ટીટોડી વાડી સુધી ૨૪ મીટર પહોળાઈના ડીપી રોડ માટે ૨૦ મિલકતોનું ડીમોલીશન હાથ ધરાયું છે. જેમાં મકાન, વાડા, દુકાન અને બેકરીનો સમાવેશ થાય છે. ડીમોલીશન બાદ ૪૦ હજાર ચોરસ ફૂટ જગ્યા ખુલ્લી થશે. આ કાર્યવાહીથી ગઢની રાંગ વિસ્તારમાં પાણી ભરાવની સમસ્યા ઉકેલાશે. જામનગરમાં ઘાંચીની ખડકીથી ટીટોડી વાડી સુધી ૨૪ મીટર પહોળાઈનો ડીપી રોડ બનાવવા માટે મંગળવારે ઓપરેશન ડિમોલીશન હાથ





ધરાયું હતું. જામ્યુકોના અધિકારીઓએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ પાડતોડ કામગીરી કરી હતી.આ માર્ગ ઉપર રહેણાંક મકાન, વાડા, દુકાનો અને બેકરી સહિત ૨૦ મિલકતો નડતરરૂપ હોય તેને તોડી પાડવામાં આવી હતી. કામગીરી પૂર્ણ થવાથી ૪૦ હજાર ફૂટ જગ્યા ખુલ્લી થઇ હતી. જ્યાં ૨૪ મીટરનો ડીપી રોડ બનાવી કેનાલનું પણ આયોજન છે. આથી ગઢની રાંગમાં પાણી ભરાવવાની સમસ્યા હળવી બનશે. જે મિલકત ધારકો માટે પોતાની જગ્યા બાંધકામના દસ્તાવેજો હશે તેમને નિયમ મુજબ વળતર પણ ચૂકવવામાં આવશે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ પાડતોડ કામગીરીના પગલે લોકોના ટોળા એકત્ર થયા હતાં. ડિમોલીશનની કામગીરીનું નિરીક્ષણ જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ કર્યું હતું

# જામનગરના દરેડમાં યુવાને પોલીસના કથિત ત્રાસથી ઝેરી દવા પી લેતાં ભારે ચકચાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના દરેડમાં કાપડની કેબીન ચલાવતો અને ઈન્દિરા આવાસમાં રહેતા યુવાને પોલીસના કથિત ત્રાસથી ઝેરી દવા પી લેતાં ભારે ચકચાર મચી જવા પામી છે. યુવકને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો છે જ્યાં તેની હાલત સ્થિર ગણાવવામાં આવી રહી છે.જામનગર નજીકના દરેડમાં વસવાટ કરતા ભાવિન સોલંકી નામના યુવાને મંગળવારે સવારે કોઈ ઝેરી દવા ગટગટાવી લીધી છે. આ યુવાનને સારવાર માટે ૧૦૮માં જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. દરેડ પાસેની ઈન્દિરા



આવાસમાં વસવાટ કરતા અને દરેડમાં જ હનુમાનજી મંદિર નજીક કાપડની કેબીન ધરાવતા આ યુવાનને પંચકોશી-બી પોલીસના કહેવાતા ત્રાસથી દવા પીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલમાં આ યુવાનને જી.જી. હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવે શહેરભરમાં ભારે ચકચાર જગાવી છે.

# મોરબીના જાણીતા સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડો. જયેશ સનારીયાને સૌરાષ્ટ્ર હેલ્થ કેર એવોર્ડ અર્પણ કરાયો

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબીના જાણીતા સ્કિન સ્પેશ્યાલિસ્ટ ડો. જયેશ સનારીયાને સ્કીન, હેર, કોસ્મેટિક અને લેસરની ઉત્કૃષ્ઠ સારવાર માટે સૌરાષ્ટ્ર હેલ્થ કેર એક્સલન્સ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

મોરબીના ડો. જયેશભાઈ સનારિયા છેલ્લા ૧૬ વર્ષથી સ્પર્શ સ્કીન, કોસ્મેટિક અને લેસર સેન્ટર, એપલ હોસ્પિટલ-મોરબી ખાતે ચલાવી રહ્યાં છે. ડો. જયેશભાઈ સનારીયાના ક્લિનિકમાં આર્થિક જરૂરિયાત વાળા ગરીબ દર્દીઓ, મંદ બુદ્ધિના બાળકો તેમજ આર્મી જવાનોના પરિવાર માટે નિ:શુલ્ક સારવાર ઘણા વર્ષોથી કરવામાં આવી રહી છે. તેઓ દરેક નિદાન કેમ્પમાં ફ્રીમાં સેવા આપી રહ્યા છે. સાથે જ હેલ્થ જાગૃતિ માટે ફ્રીમાં લેક્ચર પણ આપી રહ્યા છે. ત્યારે તાજેતરમાં મોરબીના ડો. જયેશ સનારીયાને સિદ્ધિ વિનાયક ટ્રસ્ટ તથા ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ટાઈમ્સ મેગેઝિન દ્વારા સૌરાષ્ટ્ર હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ-૨૦૨૩ અર્પણ કરવામાં આવ્યો છે. જે બદલ તેઓને ચોમેરથી શુભેચ્છાઓ મળી રહી છે.

મહત્વનું છે કે, ડો. જયેશ સનારીયાના સ્કીનને લગતા રોગના સંશોધન પત્ર અને પોસ્ટર નેશનલ તેમજ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં પણ પ્રસિદ્ધ થયેલ છે. તેઓના સેક્રેટરી પદ હેઠળ ૨૦૦૮-૦૯ માં મોરબી આઈ.એમ. એ. બ્રાન્ચને ગુજરાત સ્ટેટ બ્રાન્ચ દ્વારા ડો. જે. આર. જાજુ એવોર્ડ અને નેશનલ બ્રાન્ચ દ્વારા પ્રથમ વખત બેસ્ટ કોમ્યુનિટી સર્વિસ એવોર્ડ



મેળવી મોરબી ઇન્ડિયન મેડિકલ એસોસિએશનનું પણ ગૌરવ વધાર્યું છે. તેમના સ્પર્શ ક્લિનિકને વર્ષ ૨૦૧૫-૧૬ માં આઈ.એમ.એ. ગુજરાત બ્રાંચ દ્વારા રાજ્ય કક્ષાનો બેસ્ટ ક્લિનિક એવોર્ડ, વર્ષ ૨૦૧૭-૧૮ માં આઈ.એમ.એ મોરબી બ્રાંચ દ્વારા બેસ્ટ એકેડેમિશિયન એવોર્ડ તથા ગુજરાત બ્રાંચ દ્વારા રાજ્ય કક્ષાનો બેસ્ટ સોશિયલ સર્વિસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો અને ૨૧ જૂન, ૨૦૨૩, વિશ્વ યોગ દિવસે ઋષિકેશ ખાતે યોજાયેલી આંતર રાષ્ટ્રીય કક્ષાની યોગ હરીફાઈમાં પ્રથમ ક્રમાંક મેળવી મોરબીનું નામ રોશન કર્યું છે. ત્યારે પ્રવર્તમાન સમયે સૌરાષ્ટ્ર હેલ્થકેર એક્સલન્સ એવોર્ડ મેળવી સમગ્ર મોરબીનું ગૌરવ વધાર્યુ છે.

# અકસ્માતના નવા કાયદાને લઈ ગેરસમજ દૂર કરવા ટ્રાન્સપોર્ટ એસોસીએશનના સભ્યો સાથે બેઠક કરતી મોરબી જિલ્લા પોલીસ





**મુખ્ય સમાચાર, મોરબી**

હાલમાં સમગ્ર દેશમાં નવા કાયદામાં કરવામાં આવેલ સુધારા અંગે ટ્રક ડ્રાઈવરોમાં ફેલાયેલ અફવાઓના આધારે ટ્રક ડ્રાઇવરો દ્વારા જુદી જુદી જગ્યાએ વિરોધ પ્રદર્શનો કરી ચક્કાજામ કરવામાં આવે છે.

જે અનુસંધાને મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ ત્રિપાઠી સાહેબની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક શ્રી પી એ ઝાલા સાહેબના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા ટ્રાન્સપોર્ટ એસોસિએશન, ટ્રક માલિકો અને ટ્રક ડ્રાઇવરો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું.

મિટિંગમાં આવેલ તમામને ટ્રાફિક પીઆઈ લગારિયા સાહેબ તેમજ મોરબી તાલુકા પીઆઈ વાળા સાહેબ દ્વારા નવા કાયદા અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ કોઈ અફવામાં આવી કે કોઈના ઉશ્કેરવાથી ખોટી રીતે કોઈ કાયદા વિરુદ્ધનું કૃત્ય ન કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી.

આ મીટીંગમા ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના પ્રમુખ પ્રભાતભાઈ ડાંગર તેમજ ખુબ જ બહોળી સંખ્યામાં ટ્રક માલિકો તેમજ ટ્રક ડ્રાઇવરો હાજર રહેલ હતા.

# રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ બાળકના તૂટેલા હોઠની વિનામૂલ્યે સર્જરી કરાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના લાલપૂર તાલુકામાં નવાગામમાં રહેતા બાળકને જન્મથી જ તૂટેલો હોઠ હતો. તેની જાણ જામનગર જિલ્લામાં કાર્યરત રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમને થતાં તેઓએ બાળકના માતા-પિતાને સમજાવતા બાળકનું રાજકોટની હોસ્પિટલમાં વિનામૂલ્યે સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે.

લાલપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણા હેઠળ નવાગામમાં રહેતા પ્રવીણભાઈ સોલંકી છુટક મજુરી કરી ઘરનું ગુજરાન ચલાવી રહ્યા છે. ઘરમાં દીકરા જનકનો જન્મ થતાં પરિવારમાં ખુશીનો માહોલ હતો પરંતુ જનકનો જન્મથી જ






તૂટેલો હોઠ હતો. આ જાણ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.પી.ડી.પરમારના માર્ગદર્શન હેઠળ કામ કરતી RBSK - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ કાર્યક્રમના મેડીકલ ઓફિસર ડો. હાર્દિક વોરા તેમજ એફ.એચ.ડબલ્યુ ધર્મિષ્ઠા રાવલને થતાં તેઓએ બાળકના ઘરે જઈ માતા-પિતાને સમજાવ્યા અને સંદર્ભ કાર્ડ ભરી ઓપરેશન માટે રાજકોટ ધ્રુવ સર્જીકલ હોસ્પિટલ મોકલવામાં આવ્યા. ધ્રુવ સર્જીકલ હોસ્પિટલ ખાતે નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા ખૂબ જ કૂનેહથી શસ્ત્રક્રિયા અને જરૂરી સારવાર વિનામૂલ્યે કરવામાં આવી હતી. આ બાળક હાલ નોર્મલ જીવન જીવી રહ્યું છે. તે બદલ તેના માતાપિતાએ આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગર જિલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા કિશોરીઓ માટે પ્રવાસનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગના માર્ગદર્શન હેઠળ પૂર્ણા યોજના અંતર્ગત ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ ના જતી કિશોરીઓ માટે કૌશલ્ય સંવર્ધન થાય તે હેતુથી તાજેતરમાં કિશોરી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના વિવિધ કાર્યક્રમોના આયોજન માટે જિલ્લા પંચાયત, જામનગરની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી રૂ.૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જિલ્લા આઈ.સી.ડી.એસ. વિભાગના તમામ ઘટક દ્વારા પોતાના ઘટકની શાળાએ ના જતી કિશોરીઓને કૌશલ્ય સંવર્ધન અર્થે અલગ- અલગ સ્થળોએ પ્રવાસનું આયોજન કરવામાં આવતું હોય છે.

તાજેતરમાં, લાલપુરમાંથી ૫૪ અને ધ્રોલમાંથી ૩૬- એમ કુલ ૯૦ જેટલી કિશોરીઓ માટે ટાટા કેમિકલ્સ સોસાયટી ફોર રૂરલ ડેવલપમેન્ટ (TCSRD) હેઠળ ચાલતા ઓખાઈ- હેન્ડીકાફ્ટ સેન્ટરની મુલાકાત માટે પ્રવાસનું આયોજન





કરાયું હતું. જ્યાં સેન્ટરમાં કામ કરતી મહિલાઓએ કિશોરીઓને તેમના સેન્ટર અને વર્ક વિષે સમગ્ર જાણકારી આપી હતી.

ઓખામંડળના ગામડાઓમાં સ્વ-સહાય જૂથો (SHGs) દ્વારા મહિલાઓ તેમના ઘરનું સંચાલન કરતી વખતે અને તેમના ઘરે જ કઈ રીતે કામ કરીને પોતાની પારંપારિક હસ્તકલાને જાળવે છે, ઓખાઈ ઉત્પાદનો, ગ્રામીણ જીવનશૈલી, તેમની ધાર્મિક વિધિઓ અને તેમની દંતકથાઓની જીવંત અભિવ્યક્તિ તરીકે મિરર વર્ક, પેચવર્ક, ભરતકામનો ઉપયોગ, મહિલાઓના વસ્ત્રો, પુરુષોના વસ્ત્રો, હોમ ડેકોર પ્રોડકટસ અને એસેસરીઝ બનાવવામાં આવે છે. જે સમગ્ર કામગીરીથી કિશોરીઓને માહિતગાર કરવામાં આવી હતી. તેમજ કિશોરીઓને સમર્પિત પુર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમના અંતે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન કિશોરીઓને લેવા- મુકવા માટે બસની વ્યવસ્થા, અલ્પાહાર- પાણી, ભોજન, મેડીકલ કીટ વગેરેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ પ્રવાસ બાદ તમામ કિશોરીઓના ફીડબેક લેવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રવાસનું તમામ સંચાલન સંકલિત બાળ વિકાસ કચેરી, ધ્રોલ અને લાલપુર આઈ.સી.ડી.એસ. વિભાગના અધિકારી, કર્મચારીગણ અને જિલ્લા આઈ.સી.ડી.એસ. કચેરીના નોડલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર બીનલ બી.સુથાર, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સદર બજારમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરી અંગે પોલીસનું ચેકીંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરમાં વેપારીઓ ારા ચોરી છુપી પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેંચાણ થતુ હોય જેના કારણે ઉતરાયણના પર્વ દરમિયાન અનેક લોકોને ગંભીર ઈજા તથા પક્ષીઓને ચાઈનીઝ દોરીના કારણે ઈજા થતા મૃત્યુ થતું હોય જેના કારણે સરકાર દ્વારા આ ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ મુક્વામાં આવ્યો હોય તેમ છતાં કેટલાક વેપારીઓ ારા વધુ નફો મેળવવા આવી ચાઈનીઝ દોરીનું વેંચાણ કરતા હોવાની ફરિયાદ ઉઠવા પામતા આજે સદર બજારમાં પતંગ-દોરીનું વેંચાણ કરતા વેપારીઓની દુકાનમાં એ.સી.પી.ભાર્ગવ પંડયા, પ્ર.નગર પોલીસ મથકના પી.આઈ.એમ્.આર.ગોંડલિયા, પી.એસ.આઈ.હિરેન ગઢવી, પી.એસ.આઈ, આર.એચ.ઝાલા સહિતના સ્ટાફે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું અને વેપારીઓને આ જીવલેણ પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેંચાણ ન કરવા અંગે કાયદાકીય સમજણ આપી હતી.

## લલુડી વોકળી અને વાણીયાવાડીમાં ઢોર પકડ પાર્ટી અને માલધારીઓ વચ્ચે બબાલ

### મહાનગરપાલિકાના સ્ટાફે લાયસન્સ વગરના ઢોર અંગે તપાસ કરતા માથાકૂટ થઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ઢોર પકડવા માટે કડક કાર્યવાહી હાથ ધરતા વાણીયાવાડી અને લલુડી વોકળી પાસે માલધારીઓ અને ઢોર પકડ પાર્ટી વચ્ચે બોલાચાલી અને માથાકૂટ થયાની વિગતો પ્રાપ્ત થાય છે. મનપાની ટીમ દ્વારા પરમીટ અને લાયસન્સની વિગતો માગતા માલધારીઓ ડેલીએ ઉભા રહી ગયા હતા અને પોલીસ કાફલા સાથે માથાકૂટ કરી હતી જો કે, બંને સ્થળેથી ૧-૧ ગાયને ઉઠાવી ડબ્બે મોકલાયાની વિગતો પ્રાપ્તથાય છે.

માલધારી આગેવાન રણજીત મૂંધવા દ્વારા ઢોર પકડ પાર્ટી દ્વારા મોટા માલઢોરને બદલે નાના વાછરડાના પણ લાયસન્સ અને પરમિટ માગીને ગાયને ઉઠાવી જવામાં આવતી હોવાના આક્ષેપ કરાયા હતા. તેમણે કહયું હતું કે, મનપા દ્વારા દમન થઈ રહયું છે. હાલ લાયસન્સ અને પરમીટ માટે કાર્યવાહી ચાલી રહી છે. અનેક અરજીઓમાં સ્ક્રુટીનીની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે તંત્ર દ્વારા થોડી રાહત અપાય તે જરૂરી છે. નાના વાછરડાને મોટા ગણીને કાર્યવાહી થાય છે તે યોગ્ય નથી. મનપાના સૂત્રોએ આ મામલે કહ્યું હતુંકે, અમે જયા લાયસન્સ કે પરમીટની કોઈકાર્યવાહી થઈ નથી તેવા વિસ્તારમાં તપાસ માટે ગયા હતા જયાં સંઘર્ષનો પ્રયાસ કરાયો હતો .મહિલાઓ ડેલીએ આડી ઉભી રહી ગઈ હતી.

## જામનગર પોલીસની પ્રશંસનિય કામગીરીઃ ત્રણ વર્ષના બાળકનું માતા સાથે મિલન કરાવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**



સાંજના સમયે બે જાગૃત નાગરીક સીટી સી ડીવીઝન પોલીસ સ્ટેશન તેઓની સાથે એક નાના બાળક લઈને આવેલ અને જણાવેલ કે તેમને બાળક જેની ઉમર આશરે ત્રણેક વર્ષની હશે તે મહાકાળી સર્કલ પાસે આવેલ સ્મશાનની જગ્યામા એકલુ મળી આવેલ છે જેથી આ બાબતે જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક શહેર વિભાગ જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી સી ડીવી પો.સ્ટે. ના પ્રોબેશન ડી.વાય.એસ.પી. નયના ગોરડીયા તથા પોલીસ ઇન્સપેક્ટર. એ.આર.ચૌધરીના માર્ગદર્શન મુબજ તુરંત જ ઇન્વે પી.એસ.આઇ. આર.વી.રાઠોડ તથા પો.હેડ.કોન્સ.એચ.એ.પરમાર તથા પો.કોન્સ.મયુરસિંહ જાડેજા દ્વારા સોર્સ સંપર્ક કરી તેમની માતાઓ સંપર્ક કરી તેમની માતા સંજનાબેન ડો.ઓફ પ્રવીણભાઇ રાઠોડ ધંધો-ઘરકામ રહે- હનુમાનટેકરી જામનગર વાળા પોતાનુ બાળક નામે પ્રિન્સ ઉ.વ.૩ વાળો હોવાનુ અને તે બાળકને પોતાના સંબંધી મેહુલભાઇ હેમતભાઇ ગોહીલ ઉ.વ.-૧૯ વાળા રમાડવા લઇ ગયેલ અને રાવલવાસના સ્મશાન પાસે આ મેહુલના પિતા આવતા હોય તે ગુસ્સે થશે તે બીકના કારણે બાળક મુકી જતા રહેલ આ મેહુલ વિરૂધ્ધ સંજનાબેન કોઇ પોલીસ ફરીયાદ કરવા માંગતા ન હોય બાળકનો કબ્જો સંજનાબેનને સોંપી આપી મીલાપ કરાવી પ્રસન્નીય કામગીરી કરેલ છે.આ સમગ્ર કામગીરી કરનાર અધિકારી પ્રો.ડી.વાય.એસ.પી.નયના ગોરડીયા.પો.ઇન્સ. એ.આર.ચૌધરીના પો.સબ.ઇન્સ. આર.વી.રાઠોડ. હરપાલસિંહ એચ.પરમાર.મયુરસિંહ જે.જાડેજા.

## વિંછીયાના નાનામાત્રા ગામે રૂા.૧૨.૭૦ લાખની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપાયો

### રૂરલ એસઓજીએ ખેતરમાં દરોડો પાડી વાવેતર કરેલા ગાંજાનો ૧૨૭ કીલો જથ્થો કબ્જે કરી ખેડૂતની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના નાનામાત્રા ગામની સીમમાં ખેડુત ગાંજાનો વેપલો કરતો હોવાની માહીતીને આધારે જીલ્લા એસઓજીની ટીમે દરોડો પાડી રૂ.૧૨.૭૦ લાખની કિંમતના ગાંજાના જથ્થા સાથે શખસને ઝડપી લઈ આ કરી પુછતાછ કરતા તેને આ વર્ષે ગાંજો વાવીને છુટક વેચાણ કરતો હોવાનુ રટણ કરતા પોલીસે તેની ધરપકડક કરી વધુ પુછતાછ કરી હતી.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જશદણ સર્કલ પીઆઈ રાઠોડ તેમજ એસઓજીના પીએસઆઈ ભાનુભાઈ મિયાત્રા સહીતના સ્ટાફે વિછીયાના નાનામાત્રા ગામની સીમમાં દરોડો પાડતા વાડીમાંથી ગાંજાના નાના મોટા ૩૬ છોડ મળી આવતા પોલીસે ખેડુતની પુછતાછ કરતા તે નાનામાત્રા ગામે રહેતો વિનુભાઈ ઉર્ફે વિનો મશરૂભાઈ ગ્રાંભડીયા હોવાનુ અને છેલ્લા એક વર્ષથી વાવેતર કરી છુટક વેંચાણ કરતો હોવાની કબુલાત આપતા પોલીસે તેની અટકાયત કરી રૂ.૧૨.૭૦ લાખની કિંમતનો ૧૨૭ કિલો ગાંજો અને મોબાઈલ કબજે કરી આરોપીની ધરપકડ કરી તેની વધુ પુછતાછ કરવાની કાર્યવાહી કરી હતી.

## કુવાડવા રોડ પર યુવાનની હત્યા કેસમાં બે આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

### આઠ વર્ષ પહેલાં બાઈક અથડાવવા મુદ્દે ગુપ્તીના ઘા ઝીંકી હત્યા કરનાર બે શખ્સો સામે સાપરાધ મનુષ્યવધ હેઠળ ગુનો નોંધાયો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર આઠ વર્ષ પહેલાં બાઈક અથડાવવા જેવી નજીવી બાબતે યુવકની હત્યા કરવાના ગુનામાં સેસન્સ કોર્ટે બે આરોપીને સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ ૧૦ વર્ષની સજાનો હુકમ કર્યો છે જયારે ત્રીજા ફરાર આરોપી સામેની સુનાવણી બાકી રાખી છે.

આ કેસની વિગતો એવી છે કે રોહીદાસપરામાં રહેતા મહેન્દ્રભાઈ કેશુભાઈ સાગઠીયા નામનો યુવાન ૧૫ જુન ૨૦૧૬ના રોજ રણછોડદાસજી આશ્રમ પાસે હતો ત્યારે આ જ વિસ્તારમાં રહેતો નરેશ મનસુખભાઈ ચૂડાસમા, ગોવિંદ ઉર્ફે ગોવો નારાયણ અને ચિરાગ ઉર્ફે ચિનુ મનોજ પરમારએ ગુપ્તી વડે હુમલો કરતા લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં મોત નીપજ્યું હતું બનાવ અંગે પિતરાઈ દિલીપ સાગઠીયાએ ફરિયાદ નોંધાવતા પોલીસ તપાસમાં બાઈક અથડાવવા જેવી નજીવી બાબતમાં હત્યા થઈ હોવાનું જાણવા મળતા પોલીસે ત્રણેયની ધરપકડ કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી આ કેસ ચાલી જતા સરકારી વકીલની દલીલો તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને લઇ અધિક સેસન્સ જજ વી કે પટેલએ આરોપી મનસુખ ચૂડાસમા અને ગોવો નારાયણ મણવરને કલમ ૩૦૪ પાર્ટમાં ૧૦ વર્ષની સજા અને દંડ, કલમ ૩૦૮માં ૭ વર્ષની સખ્ત કેદની સજા અને કલમ ૧૨૦ બીના ગુનામાં દોષિત ઠેરવી સાત વર્ષની સજાનોહુકમ કર્યો છે.

### વિકસિત ભારત સંકલ્પ યાત્રાની ફલશ્રુતિ રાજકોટ જિલ્લામાં ''પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના''ની ૭૯૦૦ અરજીઓ

## રાજકોટ જિલ્લાના ૨,૪૪,૨૨૬ લાભાર્થીઓને મળ્યો છે વિનામૂલ્યે ગેસ કનેક્શનનો લાભ

### મહિલાઓને સ્વચ્છ ઇંધણ પૂરું પાડવા ગેસ કનેકશન તથા જરૂરી સાધનો વિનામૂલ્યે અપાય છે

**પારૂલ આડેસરા, માહિતી ખાતુ, રાજકોટ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

-પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા મહિલાઓને પરંપરાગત ચૂલાથી થતી તકલીફોથી મુક્ત કરવા અને પ્રદૂષણ ઘટાડવા નિર્ધૂમ ચૂલા આપવા માટે ઉજ્જ્વલા યોજનાનો પ્રારંભ વર્ષ ૨૦૧૬માં ઉત્તર પ્રદેશના બલિયાથી કરવામાં આવ્યો હતો. આ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ૧,૨૮,૧૦,૯૫૨ LPG કનેકશન આપવામાં આવ્યા છે. જ્યારે ગુજરાતમાં ટૂંકા ગાળામાં આશરે ૫.૩૫ લાખ ગેસ કનેકશન તથા તેને આનુષંગિક સાધનો વિનામૂલ્યે આપવામાં આવ્યા છે.



આ યોજના શરૂ થઇ ત્યારથી રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨,૪૪,૨૨૬ જેટલા લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ છેવાડાના માનવીને સરકારી યોજનાઓના લાભો મળે એ માટે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' ગુજરાતમાં ફરી રહી છે. ત્યારે રાજકોટ જિલ્લામાં ચાલી રહેલી આ યાત્રામાં ૭૯૦૦ ઉજજવલા ગેસના જોડાણોની અરજીઓ લાભાર્થીઓએ કરી છે. તેમ જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીએ જણાવ્યુ હતું.

દેશની કોઈપણ મહિલા જેમની વય ૧૮ કે તેથી વધુ હોય ઉપરાંત અનુસૂચિત જાતિ - અનુસૂચિત જનજાતિ કે ગરીબ, અંતરિયાળ વિસ્તારમાં રહેતી હોય અને જેમના ઘરમાં LPG ગેસ કનેકશન ન હોય તેવી તમામ મહિલાઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણના જતન માટે દીર્ઘદ્રષ્ટા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકારે ઉજ્જ્વલા યોજનાનો અસરકારક અમલ કર્યો છે. સ્વાસ્થ્ય માટે હાનિકારક એવા લાકડાં અને બળતણ વડે રસોઈ બનાવવામાંથી મુક્તિ આપવા LPG કનેક્શન આપવામાં આવી રહ્યા છે.

ગરીબી રેખા નીચેની ભારતની ૫ કરોડ મહિલાઓને એલ.પી.જી. કનેક્શન આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલી 'પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના' અંતર્ગત સમગ્ર ભારતમાં નિર્ધન ચૂલાની કીટ અને એક ગેસનો બાટલો વિનામૂલ્યે આપવામાં આવે છે. અગાઉ પરંપરાગત ચૂલાથી સ્ત્રીઓને અસહ્ય ધુમાડો સહન કરી પરિવાર માટે ભોજનની વ્યવસ્થા કરવી પડતી જે કારણે અનેકવાર મહિલાઓ ફેફસાના અતિ ગંભીર રોગોનો પણ ભોગ બનતી. આથી ધુમાડો ઉત્પન્ન કરતાં પરંપરાગત ચૂલાથી મહિલાઓને મુક્ત કરવા આ યોજના શરૂ કરાઇ હતી.

## દુઃખદ અવસાન-ઉત્તર ક્રિયા



**સ્વ.મનીષાબેન ગોરધનભાઈસોલંકી**

સવંત ૨૦૮૦ના માગશર સુદ-૩ને શનિવાર, તા.૩૦-૧૨-૨૦૨૩ના રામચરણ પામેલ છે. તેમની ઉત્તર ક્રિયા પાણીવાર સવંત ૨૦૮૦ માગશર સુદ-૯ને શુક્રવાર તા.૦૫-૦૧-૨૦૨૪ના રોજ રાખેલ છે. ઈશ્વર ઈચ્છા બળવાન, પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....ઓમ શાંતિ... ઓમ શાંતિ....

લી.

ગોરધનભાઈ ભલુભાઈ સોલંકી
કરણભાઈ ગોરધનભાઈ સોલંકી
રાજુભાઈ ગોરધનભાઈ સોલંકી

સ્થળઃ ઘનશ્યામનગર, શેરી નં.૧૪, શીતલ સ્ટુડિયો સામે, કોઠારીયા રોડ, રાજકોટ. મો.નં. ૯૦૩૩૬ ૬૨૫૭૨/૯૯૦૪૬ ૮૨૩૩૨

# સામા કાંઠે ગંજીવાડામાં નામચીન મહિલા બુટલેગર અને તેના પુત્રોના ઘરે થોરાળા પોલીસના દરોડા

## રૂ.૧.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો, મહિલા બુટલેગર અને તેના પુત્રોની શોધખોળઃશહેરમાં અન્ય ત્રણ સ્થળોએથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયોઃરૂ.૨.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે ગંજીવાડામાં બે દિવસ પહેલા સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે નામચીન મહિલા બુટલેગર હંસા ભગવાનજી ના પુત્ર હિતેશના રહેણાંક મકાનમાં દરોડા પાડી ભોયતરીયાના ચોરખાનામાંથી વિદેશી દારૂની ૧૪૩ બોટલ ઝડપી કાર્યવાહી ર્ક્યા બાદ ગઈકાલે થોરાળા પોલીસે ફરી દરોડા પાડતા નામચીન મહિલા બુટલેગર તેના પુત્રોના રહેણાંક મકાનમાંથી રૂ.૧.૩૫લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઈ બુટલેગરોની શોધખોળ શરૂ કરી છે

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસ મથકના પી.આઈ. બી.એમ.ઝણકાંટ ની સુચનાથી પીએસઆઈ પી.એમ.રાઠવા, એ.એસ.આઈ, એચ.એમ.ઝાલા તથા આર.એસ.ખેર હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ તથા કિશોરભાઈ તથા વિમલભાઈ તથા ધીરુભાઈ સહિતના



સ્ટાફે ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા મેઈન રોડ પર શક્તિ પાનની સામે રહેતી નામચીન મહિલા બુટલેગર હંસા ભગવાનજી મજેઠીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા મહિલા બુટલેગર પોલીસ આવે તે પહેલા ફરાર થઈ ગઈ હતી પોલીસે મકાનની તલાસી લેતા રૂ.૬૧૪૫૦ નો દારૂનો જથ્થો કબ્જે ર્ક્યો હતો જયારે બાજુમાં રહેતો તેના પુત્ર શૈલેશ મજેઠીયાના અને હિતેશ મજેઠીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા તેનો પૌત્ર લખન રૂ.૮૨ હજારના દારૂના જથ્થા સાથે મળી આવતા પોલીસે લખનની ધરપકડ કરી નાસી ગયેલી મહિલા બુટલેગર હંસા ભગવાનજી અને તેનો પુત્ર શૈલેશ અને હિતેશની શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક દરોડામાં થોરાળા પોલીસે ગોકુળપરા શેરી.૩માં રહેતો નામચીન બુટલેગર અશોક ઉર્ફે કિલુ મોહન ચાવડા ના રહેણાંક મકાનમાં અને બાજુમાં આવેલ શુલભ સૌચાલયમાં દરોડો પાડી રૂ.૭૫૦૦નો વિદેશી દારૂનો જથ્થો કબ્જે કરી નાસી ગયેલા અશોક ઉર્ફે કિલુ ની શોધખોળ આદરી છે.

જયારે અન્ય એક દરોડામાં ક્રાઈમ બ્રાંચનાં એ.એસ.આઈ. રણજીતસિંહ તથા કોન્સ્ટેબલ વિજયભાઈ સહિતના સ્ટાફે નિર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલ વોર્ડ.૮ની ઓફિસ પાસે માલવાહક ગાડી નં.જી.જે.૩ બી.ટી.૪૬૮૧માં નાણાવટી ચોક પાસે સ્ટરલીંગ હોસ્પિટલની બાજુમાં આવેલ આવાસ કોર્ટરમાં રહેતો મુનાફ અકબર ઉમરેટીયા નામનો શખ્સ શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી વાહનની તલાસી લેતા તેમાંથી ૩૩ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે તેની ધરપકડ કરી વાહન સહિત રૂ.૨.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે ર્ક્યો હતો. જયારે આજીડેમ પોલીસે માંડાડુંગર પાસે ભીમરાવ નગરમાં વિદેશી દારૂના દસ ચપલા સાથે સંજય ગોવિંદ ચાવડા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

# સમાજ કલ્યાણ વિભાગમાં દાખલો કઢાવવા જતા નકલી એલ.સી. કૌભાંડ ઝડપાયું

## પોલીસે મહુવા અને દ્વારકાના નકલી એલસી કબ્જે કરી ત્રણ શખ્સોની પુછપરછ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બહુમાળી ભવનમાં આવેલ સમાજ કલ્યાણ અધિકારીની કચેરીમાં જાતિનો દાખલો માટે નકલી લીવીંગ સર્ટીફિકેટ બનાવવાના કારસ્તાનનો સમાજ કલ્યાણ અધિકારીએ પર્દાફાશ કરી એજન્ટને રંગે હાથ ઝડપી લીધો છે. અને નકલી ર્ક્ઈ બનાવનાર બે અરજદારોને પોલીસને સોંપી દેતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન ર્ક્યા છે.

ચાર-પાંચ દિવસ પહેલા આજે નકલી લીવીંગ સર્ટીફિકેટ બનાવનાર અરજદાર મુળ ખેડાના હાલ રાજકોટમાં રૂખડીયાપરામાં રહેતા સવજીભાઈ વિકાણી અને તેના પુત્ર રસીક જાતિના દાખલા માટે આવ્યા હતાં પરંતુ આ અરજદારો બક્ષીપંચમાં આવતા ન હોવાથી સમાજ





કલ્યાણ વિભાગના કર્મચારીએ દાખલો કાઢવાનો ઈન્કાર કરતા બન્ને પિતા પુત્ર ઓફીસમાંથી બહાર નિકળ્યા હતા અને ઓફીસ બહાર બેસેલા એજન્ટને વાત કરતા તેને દાખલા માટે રૂ.૩૫૦૦ની વાત કરી હતી. દરમિયાન પિતા-પુત્ર બહુમાળી ભવન ખાતે લીવીંગ સર્ટી.લઈને ગયા હતા ત્યાં સમાજ કલ્યાણ વિભાગના કર્મચારીને દાખલો કઢાવી આપવા જણાવી બન્નેના એલસી આપ્યા હતા.જેમાં પિતાનું સર્ટી ભાવનગરના મહુવાનું રાણીવાડા પ્રા. શાળાનું અને પુત્રનું દ્વારકાના કલ્યાણપુરની રાવલ પ્રા.શાળાનું હોય કર્મચારીએ તપાસ કરતા અગાઉ ચાર દિવસ પહેલા સર્ટી.વગર દાખલો કઢાવવા આવેલા પિતા-પુત્ર જ હોય ઓળખી જઈ પુછપરછ કરતા તેને ઓફીસ બહાર બેસતા એજન્ટ પાસેથી કઢાવ્યાનું રટણ કરતા કર્મચારીએ બન્ને સમાજ કલ્યાણ વિભાગના નાયબ નિયામક બારોટને જાણ કરતા તેને કૌભાંડની પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં પ્રનગર પોલીસ મથકના પીએસઆઈ ચુડાસમા સહિતના સ્ટાફે તપાસ કરી વચેટીયા રમેશ પુરોહિત તેમજ પિતા-પુત્રની પુછપરછ કરી નકલી એલ.સી કૌભાડમાં સમાજ કલ્યાણ વિભાગના કર્મચારીની ફરીયાદ નદંધવા અને આરોપીઓની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ઝડપાયેલા નકલી ડીવાયએસપીએ ગોંડલની મહિલાને નોકરીની લાલચ આપી અડધો કરોડ ખંખેર્યા

## જૂનાગઢ, રાજકોટ, ગોંડલના ૨૧ લોકો સાથે છેતરપિંડીનો આંક ૨.૭૬ કરોડે પહોંચ્યોઃ મહિલા સહિત ત્રણને ઈપીએફઓમાં જૂની આસિસ્ટન્ટની નોકરી અપાવી દેવાના બહાને છેતરપિંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢમાં નકલી ડીવાયએસપી તરીકે પકડાયેલા શખસે સરકારી નોકરી અપાવી દેવાના બહાને જુનાગઢના ૧૭ લોકો સાથે બે કરોડની, રાજકોટમાં ૨૫.૫૦ લાખની અને હવે ગોંડલમાં ત્રણ લોકો સાથે ૫૦.૫૧ લાખની છેતરપીંડી થયાની ફરિયાદ નોંધાતા કૌભાંડનો આંકડો ૨.૭૬ કરોડે પહોચ્યો છે. ગોંડલના ભોજરાજપરામાં રહેતા અને લેબોરેટરી ચલાવતા ભાર્ગવભાઈ અશોકભાઈ જસાણી ઉ.૩૩એ ગોંડલના વિનીત દવે અને શૈલેન્દ્રભાઈ વ્યાસ સામે ગોંડલ સીટી બી ડીવીઝન પોલીસમાં ૫૦.૫૧ લાખની છેતરપીંડી અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે શેરીમાં રહેતા મનીષાબેનના ઘરે શૈલેન્દ્ર વ્યાસ ઉર્ફે અદા આવતા હોય તેણે મનીષાબેનના દીકરાને રેલ્વેમાં નોકરી અપાવી દીધી હોય પત્ની સાત વર્ષથી સરકારી નોકરીના પ્રયત્ન કરતા હોય પરંતુ મેળ પડતો ન હોય અદાને વાત કરતા તેણે ડીવાયએસપી વિનીત દવેને સેટિંગ છે તેના બનેવી પંકજ જોષી ગાંધીનગર સચિવ છે જેથી તેની સાથે વાત કરતા રાજકોટ એમ્પ્લોઇઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન સેન્ટ્રલ ગવર્મેન્ટમાં જુનીયર આસીસ્ટન્ટની પોસ્ટ માટે ૨૦ લાખ આપવા પડશે કહી ૧૬.૫૧ લાખમાં નક્કી કરી ૧૦ તારીખ સુધીમાં કહેજો પછી ચૂંટણી જાહેર થઈ જશે તો નહિ થાય તેમ કહેતા અમે ૯ તારીખે રાધાકૃષ્ણનગરમાં બંનેને ગાડીમાં ૫.૫૧ લાખ અને ડોક્યુમેન્ટ આપ્યા બાદ બાકીના ૧૧ લાખ ૨૦/૧૦/ના રોજ આપ્યા હતા.

તેણે ૨૬/૧૦/ના ઓર્ડર નીકળી જશે કહ્યા બાદ ૨/૧૧/ના ઓર્ડર મોકલ્યો હતો અને ૮/૧૧/એ જોઈનીંગ છે કહી ત્યાં હેડ ક્લાર્ક વૈભવીબેન દિવાળી પછી ટ્રેનીંગ આપશે તેમ કહ્યું હતું બાદ ૨૩/૧૧/ના રૂબરૂ ઓફિસે લઇ ગયા બાદ ૪/૧૨/એ ઓર્ડર આવશે તેમ કહી HODમાંથી લેટર આવેલ નથી તેમ કહી બહાના બતાવતા પત્નીએ નોકરી જોઈતી નથી પૈસા પરત આપી દયો તેમકહેતા તેણે મારે તેને ખોળામાં બેસીને મનાવવાની ન હોય મારી કોઈ સગી નથી, મારાથી બનશે તો આપી દઈશ તેમ કહ્યું હતું પછી તે જૂનાગઢમાં નકલી ડીવાયએસપી તરીકે પકડાઈ ગયાનું અને ગોંડલમાં મારી શેરીમાં રહેતા મુકેશભાઈના દીકરાને નોકરીની લાલચ આપી ૨૧ લાખ અને મેહુલભાઈ વડેરાના દીકરાને નોકરીની લાલચ આપી ૧૩ લાખ પડાવ્યા હોવાનું જાણવા મળતા અંતે ફરિયાદ નોંધાવતા પીઆઈ જે પી ગોસાઈએતપાસ હાથ ધરી છે.

# કોઠારિયાના આણંદપર ગામે ખેડૂતનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કોઠારીયાના આણંદપર ગામે રહેતા ખેડુતે વર્ષે નબળુ જતા પોતાની વાડીએ લીમડાના વૃક્ષમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ખેડુતના આપઘાતથી પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. આ બનાવ અંગે કુવાડવા પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી આદરી છે.

કુવાડવાના કોઠારીયા (આણંદપર) નામે રહેતા અને ખેતી કરતા



ખીમજીભાઈ તેજીભાઈ પરમાર (ઉ.વ.૬૦) નામના વૃધ્ધ વાડીએ કામ કરવા ગયા બાદ પરત ઘરે ન ફરતા તેમના નાનાભાઈ અશ્વિનભાઈ તપાસ કરવા ગયા ત્યારે ભાઈ ખીમજી વાડીએ આવેલા લીમડાના વૃક્ષમાં દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ લટકતી હાલતમાં જોવા મળ્યાં હતાં. પરિવારને જાણ થતાં તેઓ પણ વાડીએ દોડી ગયા હતાં. આ અંગે કુવાડવા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી તપાસમાં જાણવા મળ્યું કે, ખીમજીભાઈને સંતાનમાં એક દીકરો ત્રણ દીકરી છે. પોતે બે ભાઈ બે બહેનમાં મોટા હતાં. તેઓનું ગયુ વર્ષે નબળુ જતાં આર્થિકભીંસમાં આવી પગલુ ભરી લીધું હતું.

# ધાર્મિક યાત્રામાં ગયેલા મહંતના આશ્રમમાંથી રૂા.૭ લાખની ચોરીઃ તસ્કર સકંજામાં

## જામનગર રોડ પર આવેલા રામ લક્ષ્મણ આશ્રમમાં બનેલો બનાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલા રામ લક્ષ્મણ આશ્રમમાં તસ્કરો ત્રાટક્યા હતા અને મહંતના રૂમ માંથી રૂ.૭ લાખ રોકડની ચોરી કરી જતાં ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે આ મામલે ગુનો નોંધી ત્રણ શકમંદને ઉઠાવી લીધા છે. કારખાનામાં કામ કરતાં અને આશ્રમે આવ જા કરતાં જુનાગઢ પંથકના શખ્સ સહિતના ત્રણને સકંજામાં લઈ પુછતાછ કરતાં ચોરીનો ભેદ ઝડપથી ઉકેલાઈ ગયો હતો. જામનગર રોડ પર વ્હોરા સોસાયટીની બાજુમાં યોગી પાર્કમાં રવિ વિદ્યાલય પાસે આવેલા રામ લક્ષ્મણ આશ્રમમાં ૭ લાખ રોકડની ચોરી થઈ હતી. મુળ યુપીના ચિત્રકુટના ધ્રુમાઈ ગામના આશ્રમ સંભાળતાં રાઘવદાસ ગુરૂદીનદયાલ



દાસ (ઉ.વ.૫૨) ૧૨ દિવસ માટે ધાર્મિક સ્થળોની યાત્રાએ ગયા હતાં જ્યાંથી પરત આવ્યા ત્યારે ચોરી થયાની ખબર પડી હતી.આ અંગે ગાંધીગ્રામ પોલીસે મહંતની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો. આશ્રમમાં અન્ય એક બાપુ રામદાસબાપુ પણ રહે છે, જે આશ્રમના પુજારી છે. તેમજ બીજા ચાર છોકરાઓ આશ્રમમાં સેવા આપે છે. આ બધા અલગ અલગ કારખાનાઓમાં નોકરી કરતા હોય તેમજ આશ્રમમાં જ રહેતા હોય ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. ધાર્મિક સ્થળો પર યાત્રાએ ગયા બાદ બાકીના પાંચ લોકો આશ્રમમાં જ હતાં તેમાંથી કોઈએ ચોરી કર્યાની શંકાએ પીઆઈ એમ. જી. વસાવા સહિતના સ્ટાફે ચોરીમાં ત્રણેક શકમંદોની પુછતાછ શરૂ કરવામાં આવતાં ભેદ ઉકેલાઈ ગયો હતો.

# જૂનાગઢ જેલમાં ૧૭ વર્ષથી સજા ભોગવતી મહિલાને સારી વર્તુણુંકના આધારે મુકત કરાઈ

## જૂનાગઢ જિલ્લા જેલના ૧૯ કેદીઓનો રીપોર્ટ સરકારમાં મોકલાયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હત્યા અને જાતી સતામણીના ગુન્હામાં ૧૭ વર્ષથી જૂનાગઢ જેલ સજા ભોગવતા એક મહિલા કેદીને સારી ચાલચલગત અને વર્તણુંકના આધારે રાજ્ય સરકારના હુકમથી આજે જેલમુક્ત કરાયા હતા.

આ અંગેની માહિતી મુજબ જુનાગઢ જિલ્લા જેલમાં ૧૭ વર્ષથી સજા ભોગવતા મહિલા કેદી હાઝમાબેન આદમભાઈ વરામ આઈપીસી કલમ ૩૦૨, ૪૯૮ ના ગુન્હામાં જેલવાસ ભોગવી રહ્યા હતા. કેદીની સારી ચાલ ચલગતને લઈ એબી



કમિટી દ્વારા રાજ્ય સરકારમાં રિપોર્ટ મોકલવામાં આવ્યો હતો. જેમાં ૧૯ કેદીઓ પૈકી આ મહિલા કેદીને આજે જેલ મુક્ત કરવામાં આવ્યા હતા. જેલમાંથી મુક્ત થવાની ખુશીમાં માંગરોળના હાઝમાબેને જણાવ્યું હતું કે ૧૭ વર્ષ જેલવાસ ભોગવ્યો છે.

જયારે પેરોલ મળતી ત્યારે પરિવારને મળવા જતી હતી. જેલમાં ખૂબ સારી સુવિધાઓ આપવામાં આવે છે. હવે હું જેલ મુક્ત થઈ છું ત્યારે મારા દીકરા દીકરીઓ અને પરિવાર સાથે ખુશીથી રહીશ. જેલના ઈન્ચાર્જ અધિક્ષક એચ.ઓ વાળાએ જણાવ્યું હતું કે, જિલ્લા મેજિસ્ટ્રેટની અધ્યક્ષતામાં એબી કમિટીની એક મીટીંગ યોજાય હતી. જેમાં જુનાગઢ જેલમાં સજા ભોગવતા કુલ ૧૯ પાકા કામના કેદીઓની સમીક્ષા કરવામાં આવી હતી.

કોઈપણ કેદીની ૧૪ વર્ષની સજા પૂર્ણ થયા બાદ એબી કમિટીની સમીક્ષા બેઠક યોજાય છે. અને સજા ભોગવતા કેદીઓની સારી ચાલચલગત અને તેના વર્તુણુંક જોઈ તેમની સજા માફી અંગે રાજ્ય સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવે છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હાઝમાબેનને આજે જેલમુક્ત કરવામાં આવ્યા છે. જયારે અન્ય ૧૮ પાકા કામના કેદીઓને કેસને સરકારની વિચારણા હેઠળ રાખવામાં આવ્યા છે.

# જસદણ પંથકની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ ગુજારવાના કેસમાં આરોપીનો જામીન પર છુટકારો

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ પંથકની સગીરાના અપહરણ, દુષ્કર્મ અને પોકસો એકટ હેઠળ પકડાયેલા આરોપીને જામીન પર મુકત કરવા હાઈકોર્ટ દ્વારા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ જસદણના પંથકની સગીરાને લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ થયા અંગેની ભાડલા પોલીસ સ્ટેશનમાં આઈપીસી. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ (૨)એન અને પોકસો એકટની કલમ ૬ મુજબની નોંધાવેલી હતી. જે કેસમાં આરોપી અશોકભાઈ પ્રભાતભાઈ સાપરાની પોલીસ દ્વારા ધરપકડ કરી રાજકોટના સ્પેશ્યલ પોકસો કોર્ટમાં રજુ કરતા આરોપી વિરૂધ્ધ આઈપીસી. ની કલમ ૩૭૬(૨)એન તેમજ પોકસો એકટ ની કલમ ૬ નો ઉમેરો કરવામાં આવ્યો હતો. જે હવાલે વહેલા આરોપી અશોક સાપરાએ જામીનમુક્ત થવા હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ હાઈકોર્ટે આરોપી અશોકભાઈ સાપરાને આરોપીને જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં આરોપી વતી યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, તેમજ ગુજરાત હાઈકોર્ટમાં મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.

# ગોંડલ પંથકમાં તસ્કરોના પરોણાઃ દાળીયા ગામે ત્રણ મકાનમાંથી રૂા.૧.૫૦ લાખની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પંથકમાં છેલ્લા થોડા સમયથી તસ્કરોએ ધામા નાખ્યા હોય તેમ ગતરાત્રિ દરમિયાન દાળિયા ગામમાં એકસાથે ત્રણ મકાનોને નિશાન બનાવી તસ્કરો ૧.૫૦ લાખની માલમતાનો હાથફેરો કરી જતા મામલો પોલીસ સુધી પહોંચતા ફરિયાદ દાખલ કરવામાં આવી છે.ગોંડલ તાલુકાના દાળીયા ગામમાં એક જ રાત્રિના ત્રણ મકાનના તાળા તૂટ્યા હતા. જેમાં રમેશભાઈ રાછડીયાના મકાનમાં કબાટની તિજોરીમાં રાખેલો ત્રણ તોલાની સોનાનો ચેઇન કિંમત રૂ. ૬૦ હજાર, ૨ જોડી જુના ચાંદીના સાંકળા કિંમત રૂ. ૧૦ હજાર, નાકમાં પહેરવાનો એક સોનાનો દાણો કિંમત રૂ. ૫ હજાર અને રોકડ રકમ ૧૫ હજારની ચોરી થવા પામી હતી. દાળીયા ગામના શૈલેષભાઈ ધવાના મકાનમાંથી ૨ જોડી ચાંદીના સાકળા કિંમત રૂ. ૧૦ હજાર અને રોકડ રકમ રૂ.૧૨ હજાર અને દાળીયા ગામના પ્રવીણભાઈ સાકરવાડિયાના મકાનમાંથી ૦.૫ તોલાની ૧ જોડી સોનાની બુટી કિંમત રૂ.૧૦ હજાર, ત્રણ ચાંદીના સિક્કા કિંમત રૂ. ૩ હજાર, નાકમાં પહેરવાના ત્રણ દાણા કિંમત ૧૫ હજાર, રોકડ રકમ ૧૦ હજાર મળી કુલ ૧,૫૦ લાખના મુદ્દામાલની ચોરી થયાની ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે ASI ઈન્દ્રસિંહે તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં ગેલેક્સી શોપીંગ સેન્ટર પાસે એમ્બ્યુલન્સ પાર્ક કરવા બાબતે ડખ્ખો

## અનુ.જાતી યુવાનને ત્રણ શખ્સોએ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરાજીના બહારપુરામાં રહેતા અનુ.જાતી યુવાનને ગેલેક્સી શોપિંગ સેન્ટર પાસે એમ્બ્યુલન્સ પાર્ક કરવા બાબતે ત્રણ સખ્સોએ મારમારી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતા ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ધોરાજીના બહારપુરામાં આવેલ વણકરવાસમાં રહેતો અને નર્સીંગ સ્ટાફમાં નોકરી કરતો દિપકભાઈ જીવણભાઈ ભાસ્કર નામના અનુજાતિ યુવાને ધોરાજી પોલીસમાં અમરીશ વિપાણી અને ત્રણ અજાણ્યા સખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છેકે ગઈકાલે પોતે ધોરાજીમાં આવેલ ગેલેક્સી શોપીંગ સેન્ટર પાસે એમબ્યુલન્સ લઈને ગયો હતો ત્યારે અમરીશ વિપાણી સહિતના સખ્સોએ એમ્બ્યુલન્સ પાર્ક કરવા બાબતે ઝગડો કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી મારમારતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાવી છે. આ બનાવના પગલે ડીવાયએસપી આર.એ.ડોડીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# મહિલાના ભાઈનું અપહરણ કરી ભત્રીજાએ પાંચ લાખની ખંડણી માંગી

## માઉન્ટેન પોલીસ લાઈન પાછળ સ્વામી વિવેકાનંદનગર બનેલો બનાવઃપ્ર.નગર પોલીસે ગણતરીની કલાકોમાં જ અપહૃત યુવાનને ખેરવા ગામથી છોડાવ્યોઃકાકા પાસે રૂ.પાંચ લાખની ઉઘરાણીમાં ભત્રીજાએ કાંડ ર્ક્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે સેન્ટર જેલ પાછળ આવેલા માઉન્ટેન પોલીસ લાઈનની પાછળ સ્વામી વિવેકાનંદનગરમાં રૂ.પાંચ લાખની કાકા સાથેની ઉઘરાણીમાં ભત્રીજાએ કાકાના સારાનું અપહરણ કરી રૂ.પાંચ લાખની ખંડણી માંગતા પ્ર.નગર પોલીસે ગણતરીની કલાકોમાંજ ખેરવા ગામેથી અપહુત યુવાનને છોડાવી અપહરણ કરનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ માઉન્ટેન પોલીસ લાઈન ૫૩ કવાર્ટર શેરી નં.૧ સ્વામી વિવેકાનંદનગર માં રહેતી નીરૂબા પ્રતાપસિંહ ઝાલાનામની મહિલાએ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના જેઠનો દિકરો શક્તિસિંહએ તેની દિકરીને ફોન કરી કહેલ કે તાા મામા પ્રવિણસિંહનું અપહરણ ર્ક્યું છે જો તારા મામાને છોડાવો હોય તો તમારી જમીનમાં રૂ.પાંચ લાખનો ખર્ચ ર્ક્યો હોય તે રૂપિયા લઈને આવ નહિંતર તારા મામાને જાનથી મારી નાખીશું તેમ કહી ખંડણી માંગી હતી બનાવના પગલે પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ એમ.આર.ગોંડલીયાની સુચનાથી પીએસઆઈ ડી.વી.ચુડાસમા એ.એસ.આઈ. એમ.સી.ચાવડા હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર, અનુપભાઈ સહિતના સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કરી ફોન કરનાર શક્તિસિંહ ના મોબાઈલ નંબર ટ્રેસ કરી લોકેશન મેળવી કોઈ અજુગતો બનાવ બને તે પહેલા પોલીસ ખેરવા ગામે દોડી જઈ અપહુત યુવાનને છોડાવી અપહરણ કરનાર શક્તિસિંહ સકંજામાં લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટ્રાવેલ્સના ધંધાર્થીએ આર્થિક ભીંસથી કંટાળી આપઘાતનો પ્રયાસ ર્ક્યો

## મોબાઈલના હપ્તા ચડી જતાં યુવાને ઝેરી દવા ગટગટાવીઃ પડવલા ગામે ગૃહ કલેશથી કંટાળી મહિલાએ ઝેરી દવા પીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાં રહી શ્રીરામ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામે વ્યવસાય કરતા દેવરામ હરકિશનભાઈ નિમાવત (ઉ.વ.૨૫) નામના બાવાજી યુવાને વીરપુર પાસે આવેલા પીઠળિયા ટોલનાકા નજીક ફીનાઈલ પી લેતા તેમને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. દેવરામ એક બહેનનો એકનો એક ભાઈ છે. પોતે શ્રી રામ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામે રાજકોટમાં વ્યવસાય કરે છે. તેઓના જણાવ્યા મુજબ તેમની મીની બસ રાજકોટથી જૂનાગઢ રૂટ ઉપર ચાલે છે. છ મહિનામાં બે ત્રણ વાર હાઇવે પર બસનું એન્જીન બગડી ગયું હતું.તેમાં ખર્ચો કર્યા તુ ત બાદ પણ કોઈ હલ નીકળ્યો નહોતો તેને લીધે થોડો આર્થિક ભીસમાં આવી ગયો હતો. તેમજ ધંધો પણ ભરાભર ચાલતો નથી જેથી રાત્રે વીરપુર નજીક પગલું ભરી લીધું હતું.

અન્ય બનાવમાં મોબાઈલ ફોનના હપ્તાની ઉઘરાણીથી ડરી યુવાને ફિનાઈલ પી ઝીંદગી ટુંકાવવાનો પ્રયાસ ર્ક્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ રૈયાધાર વિસ્તારમાં આવેલા રાણીમા રુડીમા ચોકમાં રહેતા રીક્ષા ચાલક ધનશ્યામ નટુ પરમારે ૧૭૫૦૦ની કિંમતનો મોબાઈલ લીધો હોય જેનું ડાઉન પેમેન્ટ રૂ.૬૦૦૦ ભર્યું હતું. બાકીના હપ્તા ભરવાના હતાં ત્યારે મોબાઈલ શોપના માલીકે હપ્તા નહીં ભરનાર ધનશ્યામ પાસે મોબાઈલ પરત માંગતા ધનશ્યામે ઝેરી દવા પી લેતા તેને સારવાર મે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ બનાવ અંગે યુનિ. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં શાપરના પડવલામાં રહેતી અંજલીબેન સંજયભાઈ સતાણી નામની મહિલાએ પોતાના પતિ સાથે ઝગડો થતાં ગ્રહ કલેશથી કંટાળી ઝેરી દવા પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT